નવ ગુજરાત સમય, પાના નંબર, ૧૨,
તારીખ :- ૦૨/૧૨/૨૦૨૫.

**ગુજરાતના મેટ્રો પ્રોજેક્ટ્સ : અમદાવાદ-ગાંધીનગરમાં પ્રોજેક્ટનું ઝડપી વિસ્તરણ, ટ્રાફિક જામમાં 30 ટકા ઘટાડાની સંભાવના, સુરતમાં પણ 70 ટકા કામ પૂર્ણ**

# વડોદરા અને રાજકોટમાં મેટ્રો રેલનો નિર્ણય ડિસેમ્બરના અંતમાં લેવાશે

**ગુજરાત સરકારે મેટ્રો માટે DPR સાથેની દરખાસ્ત કેન્દ્રને મોકલી**

નવગુજરાત સમય > ગાંધીનગર

ગુજરાત સરકારે મેટ્રો રેલ સુવિધા હવે રૂ. 22,000 કરોડના ખર્ચે વડોદરા અને રાજકોટ જેવા મહાનગરોમાં પણ ઉપલબ્ધ થાય તે માટે ગુજરાત સરકારે ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ્સ (DPR) સાથેની એક દરખાસ્ત ભારત સરકારને મોકલી આપી છે. આ દરખાસ્ત પર ચાલુ મહિનાના અંતમાં નિર્ણય લેવામાં આવશે એમ સૂત્રોએ જણાવ્યું છે.

ગુજરાત સરકારે તો વડોદરા અને રાજકોટમાં પણ મેટ્રો રેલ શરૂ કરવા માટેના ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરીને તેની દરખાસ્ત કેન્દ્રને મોકલી આપી છે અને તેના રિપોર્ટના આધારે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં એક ટીમ ગુજરાત મોકલવાની કાર્યવાહી કરી રહી છે. આ ઉપરાંત બે દાયકા પહેલાં અમદાવાદમાં પીલર ઉપર (એલિવેટેડ) અને જમીનની નીચેથી (અંડર ગ્રાઉન્ડ) મેટ્રો રેલ પસાર થશે એવો વિચાર માત્ર લોકોને રોમાંચિત કરતો હતો પરંતુ હવે અમદાવાદ તો ઠીક સુરતમાં પણ ટૂંકમાં જ મેટ્રો રેલ દોડતી થઈ જશે. જેનાથી આગામી 2 વર્ષમાં જ ગુજરાતના શહેરી વિસ્તારોના પરિવહનનો ચહેરો બદલાઈ જશે.

એમ મનાય છે કે, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં મેટ્રો રેલ સેવા સંપૂર્ણપણે કાર્યરત થયા બાદ આ શહેરોમાં ટ્રાફિક જામની સમસ્યામાં અંદાજે 30 ટકાનો ઘટાડો થશે. સાથોસાથ પ્રદૂષણમાં પણ ઘટાડો થશે, લોકોની અવરજવરની ઝડપ પણ વધશે. ગુજરાત સરકારે વડોદરામાં રૂ. 10,000 કરોડના ખર્ચે 60 કિમીની અને રૂ. 7000 કરોડના ખર્ચે રાજકોટમાં 40 કિમીની મેટ્રો રેલ માટે ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ્સ (DPR) સાથેની દરખાસ્ત તૈયાર કરીને ભારત સરકારને મોકલી આપી છે. જેને ડિસેમ્બર-2025ના અંત સુધીમાં મંજૂરી મળે તેવી અપેક્ષા છે.

આ પ્રોજેક્ટને ઝડપભેર હાથ પર લેવાશે તો વર્ષ 2027માં રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ યોજાય તે અગાઉ પૂર્ણ કરવાની ગણતરી રખાય છે. અમદાવાદ મેટ્રો ભારતના સૌથી ઝડપી વિસ્તરતા મેટ્રો સિસ્ટમ્સમાંથી એક મનાય છે. હાલમાં 60.06 કિલોમીટરનું નેટવર્ક 47 સ્ટેશનો સાથે કાર્યરત છે. જેમાં દરરોજ 1.5 લાખ મુસાફરો સફર કરે છે. અત્યારે અમદાવાદ મેટ્રો રેલનો બીજો ફેઝ આરંભાયો છે. તેનું પણ 78 ટકા જેટલું કામ પૂર્ણ થયું છે.

ગુજરાતના સૌથી ઝડપી વિકસી રહેલા સુરત શહેરમાં પણ મેટ્રો રેલ માટેના 41.93 કિ.મી.નું નેટવર્ક બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેમાં 33 કિ.મી. એલિવેટેડ અને 7 કિ.મી. અંડરગ્રાઉન્ડ છે. વર્ષ 2021માં વડાપ્રધાન નરેન્દ્રો મોદીએ તેની પહેલી ઈંટ મૂકી હતી. સુરતમાં ફેઝ-1માં 38 સ્ટેશનો સાથે 40.25 કિ.મી. જેટલી મેટ્રો રેલ શરૂ કરવા માટે માર્ચ-2025માં કામ શરૂ કરાયું હતું. જેમાં 20 સ્ટેશનો સાથે 21.61 કિ.મી.ની રેલ સરથાણાથી ડ્રીમ સિટી સુધી, 18 સ્ટેશનો સાથે 18.74 કિ.મી.ની રેલ ભેસાણથી સારોળી સુધી તૈયાર કરાશે. અંદાજે રૂ. 12,020 કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ ડિસેમ્બર-2027 સુધીમાં પૂર્ણ થશે, એવો અંદાજ મૂકાયો છે. લક્ષ્ય સિદ્ધ કરવા તંત્ર તેજ ગતિમાં જોતરાયું છે.



**આંકડાકીય ઝલક: ગુજરાત મેટ્રો પ્રોજેક્ટ્સની તુલના**

| પ્રોજેક્ટ- | કુલ લંબાઈ- (કિ.મી.) | સ્ટેશનો | ખર્ચ (કરોડમાં) | કામની પ્રગતિ (ટકામાં) | પૂર્ણતા તારીખ |
|---|---|---|---|---|---|
| » અમદાવાદ ફેઝ-1 | 40.03 | 32 | 12,900 | 100 | 2022 |
| » અમદાવાદ ફેઝ-2 | 20.26 | 21 | 5,384 | 78 | ડિસેમ્બર 2025 |
| » સુરત ફેઝ-1 | 41.93 | 38 | 12,020 | 70 | જૂન 2025 (આંશિક) |
| » વડોદરા (પ્રસ્તાવિત) | 60 | | 10,000 | | 2027+ |
| » રાજકોટ (પ્રસ્તાવિત) | 40 | | 7,000 | | 2027+ |

## અમદાવાદ-ગાંધીનગર મેટ્રો : ટ્વીન સિટીઝને જોડતું આધુનિક નેટવર્ક

**ફેઝ-1 :** અમદાવાદમાં રૂ. 12,900 કરોડના ખર્ચે શરૂ થયેલા મેટ્રો રેલ પ્રોજેક્ટમાં 32 સ્ટેશન સાથેનું 40.03 કિમીનું મેટ્રો રેલનું કામ પૂર્ણ અને કાર્યરત થઇ ચૂક્યું છે. જ્યારે, 18 સ્ટેશનો સાથેનું 20.30 કિમીની થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધીની રેલ લાઇનનું કામ 2019થી કાર્યરત થયું હતું અને 2024માં પૂર્ણ થઇ ગયું હતું. એવી જ રીતે, 14 સ્ટેશનો સાથેની 16.64 કિમીની મોટેરા સ્ટેડિયમથી APMC સુધીની લાઇન પણ 2022થી કાર્યરત કરી દેવાઈ છે.

**ફેઝ-2 :** અમદાવાદમાં હાલ મેટ્રો રેલનું ફેઝ-2નું કામ રૂ. 5384 કરોડના ખર્ચે શરૂ કરાયું છે. જેમાં 24 સ્ટેશનો સાથે 28.26 કિમીની લાઇન પથરાઇ રહી છે. ફેઝ-2ના અંતર્ગત 2024માં શરૂ કરાયેલું 15 સ્ટેશનો સાથે મોટેરાથી મહાત્મા મંદિર સુધીની 17.40 કિમીની લાઇનનું કામ પણ એપ્રિલ-2025માં પૂરું થયું છે. 3 સ્ટેશનો સાથેની GNLUથી GIFT સિટી સુધીની 4.54 કિમી સુધીની લાઇન પણ 2024થી કાર્યરત થઇ ગઇ છે. એવો અંદાજ છે કે, નવેમ્બર-2025 સુધીમાં એરપોર્ટ એક્સ્ટેન્શન માટે DDC કોન્ટ્રાક્ટના બિડ્સ પણ ઇન્વાઇટ થયા છે.

**ફેઝ-3 :** અમદાવાદમાં રૂ. 1800 કરોડના ખર્ચે કોટેશ્વરથી સરદાર વલ્લભભાઇ પટેલ એરપોર્ટ સુધીની 4.6 કિમીની રેલ લાઇન માટે 8 નવેમ્બર-2025ના રોજ ટેન્ડર જારી કરાયા છે.